સાંસદોના પગાર વધારાની દરખાસ્તોને ફગાવાઈ

નવી દિલ્હી,તા. ૪

સાંસદોના પગાર અને ભથ્થામાં કોઈ વધારો કરવાનો નરેન્દ્ર મોદી સરકારે ઈન્કાર કરી દીધો છે. સંસદીય પેનલ દ્વારા કરવામાં આવેલી સાંસદોના પગાર અને ભથ્થામાં વધારાની ભલામણ અને પૂર્વ સાંસદોના પેન્શનમાં વધારો કરવાની દરખાસ્તને ફગાવી દીધી છે. સરકારે સાંસદોના પગાર વધારા અંગે સંસદીય પેનલની ૭૦ ટકા દરખાસ્તોને ફગાવી દીધી છે. જેમાં વર્તમાન સાંસદો અને પૂર્વ સાંસદો માટેની ભલામણોનો સમાવેશ થાય છે.કેટલીક દરખાસ્તો વિચારણા હેઠળ છે.મોદી સરકાર આડેધડ દરખાસ્તો સ્વિકારવા માટે તૈયાર નથી. પ્રાપ્ત અહેવાલ મુજબ સરકારે પેનલની ૬૫ ભલામણ પૈકી ૧૮ને ફગાવી દીધી છે. જ્યારે ૧૫ ભલામણ પર અસહમતી દર્શાવી છે. જ્યારે ત્રણ ભલામણ પર યોગ્ય સમય પર નિર્ણય કરવાની વાત કરી છે. જ્યારે ચારમાં વર્તમાન વ્યવસ્થાને બદલવાની કોઈ જરૂર નથી તેવી વાત કરી છે. એક અગ્રણી અગ્રેજી અખબાર મુજબ એક્શન ટેકન રિપોર્ટ પર ૨૫મી જુને ચર્ચા થઈ હતી. ૧૬મી ફેબ્રુઆરીના દિવસે ભલામણોને અંતિમ આપ આપવાની પ્રક્રિયા યોજાઈ હતી. જોઈન્ટ કમિટીની આગામી બેઠક ૧ ૩મી જુલાઈના દિવસે યોજાશે. જેમાં એટીઆર પર ચર્ચા છે. આ બેઠકમં સરકારના કોઈ પ્રતિનિધી રહેશે નહી. ગોરખપુરના ભાજપ સાંસદ યોગી આદિત્યનાથના નેતૃત્વમાં આ કમિટીએ ભલામણ કરી હતી. કમિટીમાં ૧૫ સભ્યો છે. જેમાં લોકસભાના ૧૦ અને રાજ્યસભાના પાંચ સભ્યોછે. કમિટીએ લોકસભાના અધ્યક્ષ સુમિત્રા મહાજન અને રાજ્યસભાના અધ્યક્ષ હામીદ અન્સારીને અહેવાલ સોંપતા પહેલા પાચ બેઠકો કરી હતી. સમિતીએ સાંસદોના

પગારને બેગણો કરવાની અને પૂર્વ સાંસદોના પેન્શનમાં ૭૫ ટકા સુધી જંગી વધારો કરવા માટેની ભલામણ કરી હતી. સંસદની એક સંયુક્ત સમિતીએ સરકારી કર્મચારીઓ માટે પે કમીશનની જેમ જ સાંસદોના પગારમાં સમય સમય પર વધારો કરવા માટે ઓટોમેટિક પે રિવીઝન વ્યવસ્થા ઉભી કરવા માટે ભલામણ કરી હતી. હાલમાં સાંસદોનો પગાર દર મહિને ૫૦૦૦૦ રૂપિયા છે. સુત્રોનાજણાવ્યા મુજબ આ સંસદીય સમિતીએ સરકારને મોકલેલી પોતાની ભલામણમાં આશરે ૬૬ દરખાસ્ત રજૂ કરી હતી. સાંસદોના પગારમાં છેલ્લે વધારો વર્ષ ૨૦૧૦માં કરવામાં આવ્યો હતો. સાંસદોને સરકારી કર્મચારીઓની જેમ મોંઘવારી ભથ્થા પણ મળતા નથી.સમિતીએ એમ પણ કહ્યુ હતુ કે સંસદ સત્ર દરમિયાન સંસદમાં હાજર રહેવા માટે સાંસદોને દરરોજ મળનાર ૨૦૦૦ રૂપિયાના ભથ્થાને પણ યોગ્યરીતે વધારી દેવાની જરૂર છે.યોગી આદિત્યનાથના નેતૃત્વમાં સમિતીએ કેટલાક સુચન કર્યા હતા. જેમાં કહેવામાં આવ્યું હતુ કે પૂર્વ સાંસદોને ૨૫ મફત સ્થાનિક વિમાની યાત્રાની પણ મંજૂરી મળવી જોઈએ. સાથે સાથે તેમના પેન્સનની રકમને દર મહિને ૨૦૦૦૦ રૂપિયાથી વધારીને ૩૫૦૦૦ રૂપિયા કરવામાં આવે તે જરૂરી છે. સાથે સાથે એવી પણ ભલામણ કરવામાં આવી હતી કે દરેક સાંસદને ખાનગી સચિવ જેવા પોતાના સાથી માટે એક વધારાના એસી ક્લાસ રેલવે પાસ મળવા જોઈએ. હજુ સુધી માત્ર સાંસદની સાથે પતિ પત્નિને જ એસી ફર્સ્ટ ક્લાસ યાત્રાની સુવિધા મળે છે. સાંસદોને પોકેટ મનીના સ્વરૂપમાં ફર્સ્ટ ક્લાસ રેલવે ભાડાની રકમ જેટલી રકમ પણ આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. હજુ સુધી સાંસદોને ભથ્થા તરીકે એક સેકન્ડ ક્લાસ એસી ટિકિટની કિમત જેટલા પૈસા આપવામાં આવે છે. વિમાની યાત્રા માટે પણ ભથ્થા તરીકે એક ટિકિટ જેટલી રકમ આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. પેનલની ભલામણ છે કે, કેન્દ્ર સરકારની આરોગ્ય યોજનાની જેમ જ સાંસદોને પણ જે લાભ મળે છે તેમાં સાંસદોના બાળકો અને તેમના પૌત્ર પૌત્રીઓને પણ સામેલ કરવામાં આવે તે જરૂરી છે.સાંસદોના પગાર અને ભથ્થા મારફતે સરકાર સાવધાનીપૂર્વક આગળ વધવા માંગે છે.

શિવસેનાના મુખપત્ર સામનામાં સરકારનો બચાવ

ધાર્મિક શિક્ષણ પર બ્રેક મુકવા કોઈપણ પ્રયાસો કરાયા નથી

મુંબઈ,તા. ૪

મદરેસાઓને સ્કુલ તરીકેની માન્યતા નહીં આપવાના મહારાષ્ટ્ર સરકારના નિર્ણયનો બચાવ કરતાં શિવસેનાએ આજે કહ્યું હતું કે, આ હિલચાલને રાજ્યમાં ધાર્મિક શિક્ષણ ઉપર બ્રેક મુકવાની કોઈ હિલચાલ તરીકે જોવી જોઈએ નહીં. શિવસેનાએ મદરેસાને બિનસ્કુલ તરીકે ગણાવવાના નિર્ણયનો બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે સરકારની આ હિલચાલ કેટલાક માપદંડના આધાર પર નક્કી કરાઈ છે. રાજ્ય સરકારના નિર્ણયનો વિરોધ કરી રહેલા લોકોની જોરદાર ઝાટકણી કાઢતા શિવસેનાએ કહ્યું હતું કે, વિરોધ દહેશતના કારણે થઈ રહ્યા છે. શિવસેનાએ કહ્યું છે કે, જો મુસ્લિમો સ્વતંત્ર રીતે વિચારતા થઈ જશે તો શું થશે તેવી દહેશત ફેલાવવામાં આવી રહી છે. વિવિધ પક્ષો વોટ બેંકની રાજનીતિ રમી રહ્યા છે. આ રાજનીતિ ખતરનાક બની ચુકી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકારે હાલમાં જ મદરેસાઓને સ્કુલ તરીકે ગણવાનો ઈન્કાર કરી દીધો હતો. અંગ્રેજી, વિજ્ઞાન અને ગણિત જેવા વિષયો નહીં ભણાવનાર મદરેસાઓને બિનસ્કુલ તરીકે ગણવામાં આવ્યા હતા. શિવસેનાએ પોતાના મુખપત્ર સામનામાં તંત્રી લેખમાં જણાવ્યું છે કે, આ હિલચાલને એક સરકારની યોજના તરીકે ગણવી જોઈએ. ધાર્મિક શિક્ષણ ઉપર બ્રેક મુકવા માટે આ કવાયત હાથ ધરવામાં આવી નથી.મુસ્લિમ સમુદાયના બાળકોને મુખ્ય વર્ગ હેઠળ લાવવાના પ્રયાસ તરીકે આને ગણવાની જરૂર છે. મુખપત્રમાં જણાવાયું છે કે, મુસ્લિમો ઈસ્લામ, ઈસ્લામિક શિક્ષણ અને કટ્ટરવાદ વચ્ચે ફસાઈ ગયા છે જેથી વિશ્વ દરરોજ પ્રગતિ કરે છે પરંતુ મુસ્લિમો નિરક્ષરતા અને અજ્ઞાનતાની વચ્ચે ફસાઈ ગયા છે. જો મુસ્લિમો પણ સ્વતંત્ર રીતે વિચારતા થશે તો ઈસ્લામના કોન્ટ્રાક્ટરો અને કોંગ્રેસ જેવા પક્ષોનું શું થશે. તેમની વોટબેંકની રાજનીતિનું શું થશે. આ જ કારણસર સરકારના નિર્ણયનો વિરોધ કરવાની હિલચાલ ચાલી રહી છે. શિવસેનાએ કહ્યું છે કે, સરકારે સાફ શબ્દોમાં કહ્યું છે કે, મદરેસાઓ જ નહીં પરંતુ અન્ય ધર્મની ધાર્મિક સંસ્થાઓને પણ બિનસ્કુલો તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે.

સરકાર-અડવાણીએ બાજી બગાડી નાંખી હતી : શકીલનો ધડાકો

જેઠમલાણી સાથે દાઉદની વાપસી સંદર્ભે વાતચીત થઇ હતી : શકીલ

નવી દિલ્હી,તા. ૪

ડોન દાઉદ ઈબ્રાહિમ અને તેનો સૌથી વિશ્વાસુ છોટા શકીલ હવે કોઈ પણ કિંમતે ભારત પરત ફરવા માટે ઉચ્છુક નથી. દાઉદના સૌથી નજીકના સાથી છોટા શકીલે એક અગ્રણી અખબાર સાથે ફોન પર વાત કરી હતી અને આ વાતચીત દરમિયાન કહ્યુ ંહતું કે ડોનદાઉદે પોતે રામ જેઠમલાણી સાથે વાત કરી હતી પરંતુ સરકાર અને અડવાણીએ તમામ બાબતો પર પાણી ફેરવી દીધુ હતુ. દાઉદ અને છોટા શકીલ હવે ભારત પરત ફરવા તૈયારનથી. શકીલના કહેવા પ્રમાણે વર્ષ ૧૯૯૩ના મુંબઈમાં બ્લાસ્ટ બાદ દેશમાં પરત ફરવાની તેમની ઓફરને ભારત સરકારે ફગાવી દીધી હતી અને હવે તેઓ પોતે ખચકાટ અનુભવ કરી રહ્યા છે. શુક્રવારના દિવસે કરાચીમાંતી છોટા શકીલે એક અખબાર સાથેની વાતચીતમાં કહ્યુ ંહતુંકે જ્યારે અમે વર્ષ ૧૯૯૩ બાદ પરત ફરવા ઈચ્છુક હતા ત્યારે તમે લોકોએ અને તમારી સરકારી આની મંજૂરી આપી ન હતી. ભાઈ દાઉદે એ વખતે પોતે રામ જેઠમલાણી સાથે વાત કરી હતી. લંડનમાં આ વાત થઈ

હતી. પરંતુ સરકાર અને અડવાણીએ બાજી બગાડી નાંખી હતી. શકીલે આઈપીએલ મેચ ફિક્સિંગ, ભારતમાં બિઝનેસ કરવાની ઈચ્છા, છોટા રાજન પર હાલમાં હુમલાના પ્રયાસમાં હાથ હોવા સહિત વિવિધ મુદ્દા પર સ્પષ્ટ વાત કરી હતી. જો કે છોટા શકીલ ૧૬મી સપ્ટેમ્બરના દિવસે દાઉદની હત્યાના પ્રયાસના મુદ્દે નારાજ થઈ જાય છે. ગયા વર્ષે આ તારીખે શકીલની પુત્રી જોયાના લગ્ન કરાચીમાં હતા. દાઉદ તેમાં સામેલ થવા ઈચ્છુક હતો. દાઉદની હત્યામાં રસ ધરાવનાર લોકોએ ડોનને ઘેરી લેવાના પ્રયાસ કર્યા બહતા. શકીલ કહે છે કે આ અંગે તેની પાસે કોઈ માહિતી નથી. તેનુ કહેવુ છે કે આજ સુધી આવી જેટલી પણ માહિતી આવી છે તે અટકળો સમાન છે. શકીલે ગેંગ વચ્ચે ભેદભાવ રાખવાનો સરકાર પર આક્ષેપ કરતા કહ્યુ ંહતુ ંકે સરકાર છોટા રાજનને પરત લાવવાની ક્યારેય વાત કરતી નથી. શકીલે પ્રશ્ન કરતા કહ્યુ ંહતુ ંકે જ્યારે એજન્સી રાજનની સામે અમારા કાવતરા અંગે માહિતી મેળવી લે છે અને તે ક્યા છે તે અંગે માહિતી મેળવી લે છે તો રાજનને કેમ પકડતી નથી. રાજને લોકોને માર્યા નથી. શકિલે વાતચીત દરમિયાન એવી ખાતરી પણ આપી હતી કે, છોટારાજન ગ્રુપના એક બળવાખોર સાથી પાસેથી માહિતી મળ્યા બાદ ઓસ્ટ્રેલિયાના ન્યુકેસલમાં તેને મારવા માટે તે બિલકુલ નજીક પહોંચી ગયો હતો. શકિલે કહ્યું હતું કે, છોટા રાજન ઉંદરની જેમ ભાગી ગયો હતો. શકિલે એવો દાવો પણ કર્યોછે કે રાજન ગેંગના ત્રણ લોકોએ પોતાની વફાદારી બદલી નાંખી છે. કારણકે, આ લોકોને આ વાતની ખબર પડી ગઈ છે કે ત્યાં તેમની કાળજી લેનાર કોઈપણ નથી. શકિલ કહે છે કે, ડી-કંપનીના લોકોના હાથે માર્યા ગયેલા રાજન ગેંગના લોકોના પરિવારની કાળજી પણ લેવામાં આવી છે.

ત્રાસવાદીઓ મોટા પાયે ઘુસણખોરીની તૈયારીમાં

અમરનાથ યાત્રાને ટાર્ગેટ બનાવવા ત્રાસવાદી તૈયાર

શ્રીનગર,તા. ૪

વાર્ષિક અમરનાથ યાત્રાને પર ત્રાસવાદી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. સેનાના ટોપ અધિકારીઓ દ્વારા પણ આ મુજબની કબુલાત કરવામાં આવી છે. ૧૬ કોર્પના જનરલ ઓફિસર કમાન્ડિંગ લેફ્ટી. જનલ કેએચસિંહે કહ્યું હતું કે અમ આ વાતથી વાકેફ છીએ કે ત્રાસવાદીઓ હાલમાં મોટા પાયે ઘુસણખોરી કરવાની તૈયારી કરી રહ્યા છે. જો કે સિંહે કહ્યું હતું કે ભારતીય સુરક્ષા દળો ત્રાસવાદીઓની યોજનાને નિષ્ફળ બનાવી દેવા માટે સજ્જ છે. આ સપ્તાહમાં સુરક્ષા દળોને એલર્ટ પણ કરવામાં આવ્યા હતા. અમરનાથ યાત્રા માર્ગ અને અન્યત્ર સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સાવચેતીના તમામ પગલા લીધા છે.જમ્મુ કથિઆ રેંજના પોલીસ નાયબ મહાનિર્દેશક અશ્કુરવાનીએ કહ્યુ છે કે જમ્મુ કાશ્મીર પોલીસની કુલ ૧૬ કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. દક્ષિણ કાશ્મીર હિમાલયમા સ્થિત પવિત્ર અમરનાથ ગુફામાં દર્શન કરવા માટે આવનાર શ્રદ્ધાળુઓની સુરક્ષાની જવાબદારી આ પોલીસ ટુકડીની છે. ભગવતી નગર બેઝ કેમ્પમાં એક નિયંત્રણ કેમ્પ પણ બનાવીને લોકોની મદદ કરવામાં આવનાર છે. દેશભરમાંથી આવનાર લોકોને ૨૪ કલાકની સુરક્ષા અપાશે. અમરનાથ ગુફા તરફ દોરી જતા માર્ગ પર લોંખડી સુરક્ષા ગોઠવી દેવામાં આવે છે. યાત્રાને ટાર્ગેટ બનાવીને હુમલો કરવાની યોજના ત્રાસવાદીઓન રહી છે.

શ્રદ્ધાળુઓની સાથે પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનો રહેશે. કેન્દ્રીય પોલીસ દળની ટુકડી પણ તૈનાત રાખવામાં આવી છે. સેનાની પણ મદદ લેવામાં આવી રહી છે. આર્મી, બીએસએફ, સીઆરપીએફ અને પોલીસ ટુકડી પણ ગોઠવી દેવામાં આવી છે. અમરનાથ યાત્રીઓ પર ત્રાસવાદીઓ હુમલા કરી શકે છે તેવા અહેવાલ બાદ સાવચેતીના વધારે પગલા લેવામાં આવી રહ્યા છે.

પાંચ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવાયા

અંકુશ રેખા પર ફરી વખત ઘુસણખોરીનો મોટો પ્રયાસ

શ્રીનગર,તા. ૪

જમ્મુ કાશ્મીરમાં મોટા પાયે ઘુસણખોરી કરવાના પ્રયાસ ત્રાસવાદીઓ દ્વારા હાલમાં કરવામાં આવી રહ્યા છે. હવે બારામુલ્લા જિલ્લાના ઉરી સેક્ટરમાં અંકુશ રેખા પર ત્રાસવાદીઓની ઘુસણખોરીની યોજનાને સેનાએ નિષ્ફળ બનાવી દીધી છે. મોટા પાયે ત્રાસવાદીઓએ અંકુશ રેખા મારફતે ઘુસણખોરી કરવાનો પ્રયાસ કર્યોહતો. જો કે ત્રાસવાદીઓના પ્રયાસને નિષ્ફળ બનાવી પાંચ ત્રાસવાદીઓને ઠાર મારી દેવામાં આવ્યા હતા. આ ઓપરેશનમાં એક જવાન પણ શહીદ થયો હતો. ત્રાસવાદીઓ પાસેથી મોટા પ્રમાણમાં હથિયારો મળી આવ્યા હતા. સેનાના વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે એલર્ટ રહેલા જવાનોએ ગઈકાલે અંકુશ રેખા પર સેનિકોની હિલચાલ નિહાળી હતી. જેથી તેમને પડકાર ફેંકવામાં આવતા ત્રાસવાદીઓ દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. જેના જવાબમાં ભારતીય સેનાના જવાનોએ ગોળીબાર કરતા પાંચ ત્રાસવાદીઓ ઠાર થયા હતા. ચાર ઠાર થયેલા ત્રાસવાદીઓ પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટક અને હથિયારો મળી આવ્યા હતા.હાલમાં વાર્ષિક અમરનાથ યાત્રા ચાલી રહી છે જેથી ભારતીય સેના અને સુરક્ષા સંસ્થાઓ વધારે સાવધાન છે. ત્રાસવાદીઓ પણ અમરનાથ યાત્રાને ખોરવી નાંખવાના પ્રયાસમાં લાગેલા છે. આવી સ્થિતીમાં મોદી સરકાર તેમની ગતિવિધી પર નજર રાખી રહી છે.

અમરનાથ યાત્રાને શાંતિપૂર્ણ રીતે પાર પાડવાની બાબત પણ સરળ દેખાઈ રહી નથી. છેલ્લા કેટલાક સમયથી ત્રાસવાદીઓને સેના એલર્ટ હોવાના કારણે મોટી સફળતા મળી રહી નથી. હાલમાં સેના કહી ચુકી છે કે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં હજુ પણ મોટા પાયે ટ્રેનિંગ કેમ્પ ચાલી રહ્યા છે. સેંકડો ત્રાસવાદીઓ ઘુસણખોરી કરવા માટે તૈયાર છે.

રાજનાથસિંહનું યુવા લોકોને સૂચન

જ્ઞાનનો ઉપયોગ સમાજ માટે થાય તે ખૂબ જરૂરી

નોયડા,તા. ૪

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ સમાજના લાભ માટે યોગ્ય રીતે કામ કરવા યુવા ગ્રેજ્યુએટ લોકોને આજે અપીલ કરી હતી. જયપી યુનિવર્સિટીમાં કન્વોકેશન સંબોધનમાં રાજનાથસિંહે કહ્યું હતું કે, યુવા ગ્રેજ્યુએટ લોકો સમાજના લાભ માટે આગળ આવે તે જરૂરી છે. માત્ર નોલેજ જ બધું નથી, નોલેજનો ઉપયોગ તમામને મળે તે જરૂરી છે. તેનો દુરુપયોગ ન થાય તે પણ જરૂરી છે. આતંકવાદી પ્રવૃત્તિમાં સામેલ રહેલા યુવાનો નિરક્ષર નથી પરંતુ ટેકનોલોજીનો ઉપયોગ પણ કરી રહ્યા છે. ઘણા આતંકવાદીઓ ટેકનોલોજીનું જ્ઞાન ધરાવે છે પરંતુ તેનો કોઈ જ મતલબ નથી. હકારાત્મક દિશામાં પોતાના જ્ઞાનનો ઉપયોગ આ લોકો કરી રહ્યા નથી બલ્કે નકારાત્મક વિચારધારામાં પોતાના જ્ઞાનનો ઉપયોગ કરી રહ્યા છે. દરેક વિદ્યાર્થીને આ બાબત સમજી લેવી જોઈએ કે નોલેજનો ઉપયોગ સમાજના લાભ માટે કરવામાં આવે તે જરૂરી છે. નકારાત્મક રીતે તેનો ઉપયોગ સમાજને નુકશાન પહોંચાડે છે.

રાજનાથસિંહે એમપણ કહ્યું હતું કે, તમામ ભારતીય ભાષાઓમાં ગર્વ કરવાની જરૂર છે. ઈન્ટરનેટ પર અંગ્રેજી ભાષા મહત્વપૂર્ણ છે. પરંતુ અમારી અન્ય ભાષાઓ પણ એટલી જ મહત્વપૂર્ણ છે. હિન્દી ભાષા પણ ખૂબ મહત્વપૂર્ણ છે. ગૃહમંત્રીએ કહ્યું હતું કે, તમામ વૈજ્ઞાનિક જ્ઞાન વિદેશથી આવે છે તેમ માની લેવા માટે કોઈ કારણ નથી.

પેરુની ટીમ કોપા અમેરિકામાં ત્રીજા ક્રમાંક પર

કોપા અમેરિકા કપ : પેરુની પરાગ્વે ઉપર શાનદાર જીત

કોન્સેપ્શિયન,તા. ૪

પાઉલો ગુરેરોની શાનદાર રમતના કારણે પેરૂએ આજે રમાયેલી પ્રતિષ્ઠાજનક કોપા અમેરિકા કપ ફુટબોલની ત્રીજા સ્થાન માટેની મેચમાં પરાગ્વે પર શાનદાર જીત મેળવી હતી. આની સાથે જ તે કોપા અમેરિકા કપ ફુટબોલમાં સૌથી વધારે ગોલ કરનાર ખેલાડીને મળનાર સન્માન માટેની દોડમાં સામેલ રહ્યો છે. વર્ષ ૨૦૧૧માં કોપા અમેરિકામાં ટોપ સ્કોરર રહેલા ફ્લેમેન્ગોએ આ ટુર્નામેન્ટમાં પણ ચોથો ગોલ કરી દીધો હતો. આ ગોલની સાથે તે હવે ચીલીના એડુઆર્ડો વર્ગાસની સાથે સૌથી વધારે ગોલ કરનારની યાદીમાં જોડાઈ ગયો છે. ૩૧ વર્ષીય સ્ટારે તેની ઈન્ટરનેશનલ કેરિયરનો ૨૫મો ગોલ કર્યો હતો. પેરુ તરફથી સૌથી વધારે ગોલ કરવાનો રેકોર્ડ તેઓફિલો ના નામ પર છે. તે ૨૬ ગોલ પોતાની ટીમ તરફથી કરી ચુક્યો છે. સેમીફાઈનલમાં પરાગ્વેની આર્જેન્ટિનાની સામે ૬-૧થી જીત થઈ હતી. કોપ અમેરિકા ફુટબોલની બીજી સેમીફાઈનલમાં આર્જેન્ટિનાએ પરાગ્વેને ૬-૧થી કચડી નાંખીનેફાઈનલમાં આગેકુચ કરી લીધી હતી. આર્જેન્ટિના તરફથી એન્જેલ ડી મારિયોએ બે ગોલ કર્યા હતા. જ્યારે માર્કોસ રોજો, ઝેવિયર પાસ્ટોર, એગુરો અને ગોન્ઝાલોએ એક એક ગોલ કર્યા હતા. અગાઉ ગઈકાલે પ્રથમ સેમીફાઈનલમાં યજમાન ચીલીએ ૧૦ ખેલાડીઓ સાથે રમી રહેલી પેરુની ટીમ ઉપર ૨-૧થી જીત મેળવીનેફાઈનલમાંઆગેકૂચ કરી લીધી હતી. પેરુ ત્રીજી વખત કોપા અમેરિકા કપ જીતવાના પ્રયાસમાં હતું પરંતુ તેની આશા પર પાણી ફરી વળ્યું હતું. પેરુએ ૧૯૭૫ બાદથી કોપા અમેરિકા કપમાં જીત મેળવી નથી. પેરુની ટીમ ૨૦૧૧માંસેમીફાઈનલમાં હારી ગઈ હતી. પેરુની ટીમની જીત બાદ ટીમના ચાહકોએ ઉજવણી કરી હતી. જો કે ફાઈનલમાં ન પહોંચતા કેટલાક અંશે નિરાશા દેખાતી હતી.

સેન્ટસ્ટીફન સતામણી કેસને લઈ મામલો ગરમ

ઝડપથી તપાસ પૂર્ણ કરવા યુજીસીને અંતે હુકમ થયો

નવી દિલ્હી,તા. ૪

સેન્ટસ્ટીફન કોલેજમાં સતામણીને લઈને છેડાયેલા વિવાદ વચ્ચે માનવ સંશાધન વિકાસ મંત્રાલયે ઝડપી અને નિષ્પક્ષ તપાસ પૂર્ણ કરવા આ સંસ્થાની આંતરીક ફરીયાદ કમિટી (આઈસીસી)ને આદેશ આપી દીધો છે. યોગ્ય પગલા લેવા માટે યુજીસીને સુચના આપી દેવામાં આવી છે. મંત્રાલયમાં રહેલા સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, ફરીયાદના પરિણામ સ્વરૂપે કેટલીક ગુંચવણભરી સ્થિતિ ઉભી થઈ ગઈ છે. આંતરીક ફરિયાદ સમિતીની નિષ્પક્ષતાને લઈને પ્રશ્નો ઉઠી રહ્યા છે.

આ જ કારણસર મંત્રાલય દ્વારા યુજીસીને યોગ્ય પગલા લેવા કહ્યું છે. કમિટી જરૂરી તપાસ ઝડપથી પૂર્ણ કરે તે જરૂરી છે. મંત્રાલયે અગાઉ આ તપાસને ઝડપી બનાવવા કોલેજને સુચના આપી હતી. સેન્ટસ્ટીફન કોલેજમાં પ્રોફેશનને આવરી લેતા સતામણીના કેસના સંબંધમાં ફરિયાદ થઈ હતી, જેમાં હજુ સુધી બાબત આઈસીસી સુધી પહોંચી નહતી. હોબાળો થયા બાદ હવે આ મામલો આઈસીસી સમક્ષ પહોંચી ચુક્યો છે. સેન્ટસ્ટીફન કોલેજના મહિલા પ્રોફેસરને આવરી લેતાં સતામણીના કેસના સંદર્ભમાં આઈસીસીના ચેરમેનને મોકલવામાં આવેલા ઈમેલમાં મહિલા પ્રોફેસરે કહ્યું છે કે, વર્તમાન સંજોગોને ધ્યાનમાં લઈને કેટલીક બાબતો નક્કી કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રિસર્ચ સ્કોલરે ૧૯મી જુનના દિવસે પોલીસ સમક્ષ ફરિયાદ કરીને કહ્યું હતું કે, કોલેજમાં કેમેસ્ટ્રી વિભાગમાં સહાયક પ્રોફેસર સતીષકુમાર દ્વારા તેમની છેડતી કરવામાં આવી હતી. મહિલા સ્કોલરે કોલેજના પ્રિન્સીપલ સમક્ષ પણ આ ફરિયાદ કરી હતી પરંતુ કોલેજના પ્રિન્સીપલ વેલ્સને આરોપીનો બચાવ કર્યો હતો. મામલો ત્યારબાદ આઈસીસી સમક્ષ પહોંચી ગયો હતો. ફરિયાદીએ ૨૧મી જુનના દિવસે આઈસીસીમાંથી પોતાની ફરિયાદ પાછી ખેંચી લીધી હતી અને દાવો કર્યો હતો કે કમિટીની કામગીરીમાં હવે તેમને વિશ્વાસ રહ્યો નથી.

આઇબી દ્વારા કોલ રેકોર્ડ કરવામાં આવી ચુક્યા છે

ખતરનાક યાસીન જેલમાંથી ફોન કરતો રહ્યો છે : રિપોર્ટ

નવી દિલ્હી,તા. ૪

દેશની ગુપ્તચર સંસ્થાને એક એવી બાબત જાણવા મળી છે જેના કારણે તેમની ઉંઘ હરામ થઈ ગઈ છે. ખુલાસો કરવામા આવ્યો છે કે હાઈ સિક્યુરિટી જેલમાં બંધ રહેલા ઈન્ડિયન મુઝાહીદ્દીનના ત્રાસવાદી યાસીન ભટકલ દ્વારા વ્યાપક પ્રમાણમાં ફોન કરવામાં આવી રહ્યા હતો. ત્રાસવાદી સંગઠન આઈએમના સ્થાપક ભટકલ હૈદરાબાદની ચેરાપલ્લી સેન્ટ્રલ જેલમાં છે. ભટ્કલની પાસે ફોન તો પહોંચી ગયો છે પરંતુ તેના કોલ આઈબી દ્વારા રેકોર્ડ કરી લેવામાં આવ્યા છે. તેના પકડી પાડવામાં આવેલા કોલમાં ભટ્કલે દિલ્હીના જામિયાનગર માં રહેતી તેની પત્નિ સાથે ફોન પર વાત કરી હતી. પત્નિ જાહીદા સાથે વાત કરતી વેળા કેટલીક વાત સપાટી પર આવી છે. વાતચીતમાં ભટકલે ખાતરી આપી છે કે તે વહેલી તકે જેલમાંથી મુક્ત થઈ જશે. યાસીને દમાસ્કસમાં તેના કેટલાક મિત્રો તેની મદદ કરી રહ્યા હોવાના અહેવાલ પણ મળ્યા છે. આ વાતચીતથી ભારતીય સુરક્ષા સંસ્થાઓની એવી શંકા પણ પ્રબળ બની ગઈ છે કે આઈએસના ત્રાસવાદીઓ દેશમાં નેટવર્ક સ્થાપિત કરવામાં સફળ રહ્યા છે. ભટ્કલે જાહીદાને એમ પણ કહ્યું છે કે તે ટુંક

સમયમાં જેલમાંથી નિકળી જશે.

આઈબીના અધિકારીઓએ કહ્યુંછે કે દમાસ્કમસથી તેના સંબંધની વાતનો મતલબ આઈએસના ત્રાસવાદીઓ સાથે છે. આઈએસના ત્રાસવાદીઓ સિરિયામાં કેટલાક વિસ્તારમાં પ્રભુત્વ ધરાવે છે. વધુતપાસ હવે શરૂ કરવામાં આવી છે. ભટ્કલની પ્રવૃતિ પર નજર છે. આઈએસે છેલ્લા થોડાક સમયમાં ભારતના તમામ યુવાનોને સોશિયલ નેટવર્કિંગ મારફતે લાલચ આપીને પોતાનામાં સામેલ કરવાના પ્રયાસ કર્યા છે. ગુપ્તચર સંસ્થાઓનું કહેવુંછે કે, ભટકલે પોતાના પત્નિને ઓછામાં ઓછા ૧૦ ફોન કર્યા હતા. એટલું જ નહીં ભટકલે બીજા રાજ્યોના નંબર ઉપર પણ કોલ કર્યા હતા. અલબત્ત તેની કોઈની સાથે વાત થઈ શકી નહતી. તમામ કોલ રેકોર્ડ આઈબીના વરિષ્ઠ અધિકારીઓને સોંપી દેવામાં આવ્યા છે. આઈબીના અધિકારીઓએ હૈદરાબાદ જેલમાં આની માહિતી આપી દીધી છે. દેશમાં થયેલી ત્રાસવાદી હિંસામાં સામેલ ભટકલને ચેરાપલ્લીની જેલમાં રાખવામાં આવ્યો છે. આ જેલમાં પહેલાં પણ કેદીઓની પાસે મોબાઈલ ફોન, સિમકાર્ડ અને પેનડ્રાઈવ મળી આવવાના મામલા સપાટી પર આવી ચુક્યા છે. તેલંગાણાના ડીજીનું કહેવુંછે કે, પહેલા આવા મામલા સપાટી પર આવ્યા છે પરંતુ હવે આ બાબતો શક્ય દેખાતી નથી. મોબાઈલ પહોંચવાની બાબત અશક્ય છે. જોકે, તેમણે કહ્યું હતું કે, કોર્ટમાં લઈ જતી વેળા ફોનનો ઉપયોગ કર્યો હોય તેવી બાબત શક્ય છે.

મોદીએ રાહુલ, વાઢેરા સાથેના ફોટાઓ મુક્યા

લલિત મોદી ભાજપની મદદ કરી રહ્યા છે : કોંગ્રેસનો દાવો

નવી દિલ્હી ,તા . ૪

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી સાથે પોતાના ફોટોગ્રાફ રજુ કરીને આઈપીએલના પૂર્વ વડા લલિત મોદીએ ભાજપની મદદ કરવાના પ્રયાસો કર્યા છે. કોંગ્રેસે આક્ષેપ કરતા કહ્યું છે કે , લલિત મોદી ભાજપની મદદ કરવાના પ્રયાસ કરી રહ્યા છે . રાહુલ ગાંધી , રોબર્ટ વાઢેરાની સાથે પોતાના ફોટાઓ પૈકીના કેટલાક ફોટાઓ ટ્વીટર ઉપર મોદીએ પોસ્ટ કર્યા છે અને જેમાં આક્ષેપો કરવાના બદલે તેમની વાત કરવામાં આવી છે . મોદીએ આ ફોટાઓ મુકીને કહ્યું છે કે , તેમની મહેમાનગતિ માણનાર લોકોમાં રાહુલ ગાંધી પણ હતા . લલિત મોદીએ શ્રેણીબદ્ધ ટ્વીટ કરીને આક્ષેપ કર્યો છે કે , રાહુલ ગાંધી આઈપીએલના ચેરમેન તરીકેના તેમના ગાળા દરમિયાન તેમની મહેમાનગતિ માણનાર લોકોમાં સામેલ હતા . મોદીએ તેમના તરફથી અગાઉ આવી કોઈ મહેમાનગતિ મેળવી છે કે કેમ તે અંગે ખુલાસો કરવા રાહુલ ગાંધી અને રોબર્ટ વાઢેરાને કહ્યું છે . લલિત મોદીએ રાહુલ અને રોબર્ટ વાઢેરા સાથે પોતાના ફોટાઓ પણ રજુ કર્યા છે જેમાં અન્ય સેલિબ્રિટીઓ પણ નજરે પડે છે . એક ફોટામાં શાહરૂખ ખાન પણ નજરે પડે છે . લલિત મોદી અને રાહુલ ગાંધી તેમના મોબાઈલ ઉપર વાત કરતા નજરે પડે છે . લલિત મોદીના રાજકારણીઓ સાથે સંબંધોના ઘણા અહેવાલ આવી ચુક્યા છે . મોદીનું કહેવું છે કે , રાહુલ ગાંધી અને રોબર્ટ વાઢેરા આ અંગે તેમના પ્રશ્નોનો જવાબ